# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિતલ પટેલ વાંચે છે.

*****************************************************

1. કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું , નવી GST વ્યવસ્થા નાગરિકો દ્વારા વપરાશમાં સુધારો કરશે - તેનાથી મૂડી ખર્ચ પર કોઈ અસર થશે નહીં.
2. કૃષિ મંત્રી શિવરાજ ચૌહાણ પંજાબ પૂરના નુકસાનનો વિગતવાર અહેવાલ પ્રધાનમંત્રીને સુપરત કરશે
3. પ્રધાનમંત્રી આવાસ યોજના– શહેરીને ઝડપી બનાવવા માટે અંગીકાર અભિયાન શરૂ કરાયું
4. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે , યુક્રેનમાં તૈનાત પશ્ચિમી સૈનિકો રશિયન હુમલાનું લક્ષ્ય બનશે
5. મહિલા એશિયા કપ સ્પર્ધામાં ભારતે થાઇલેન્ડને 11-0 થી હરાવીને શાનદાર શરૂઆત કરી

...........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# SITHARAMAN - GST REFORMS

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (GST) ની નવી વ્યવસ્થા નાગરિકોના વપરાશમાં સુધારો કરશે અને તેનાથી મૂડી ખર્ચ પર કોઈ અસર થશે નહીં. એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા શ્રીમતી સીતારમણે કહ્યું કે હવે 99 ટકા માલ અને સેવાઓ પર શૂન્ય અથવા 5 થી 18 ટકા GST વસૂલવામાં આવશે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે પહેલીવાર GST પર વળતર અને વ્યાપક પ્રસ્તાવ પસાર કર્યો છે. તેમણે કહ્યું કે પેટ્રોલિયમ અને આલ્કોહોલ ઉત્પાદનો GST ની બહાર રહેશે.

નાણાં મંત્રીએ કહ્યું કે સરકાર એવા નિકાસકારોને ટેકો આપવાના પ્રયાસો પર કામ કરી રહી છે જેમને 50 ટકા યુએસ આયાત ડ્યુટીથી અસર થઈ છે. તેમણે કહ્યું કે નિકાસકારો માટે એક પેકેજ તૈયાર કરવામાં આવી રહ્યું છે. શ્રી સીતારમણે કહ્યું કે આત્મનિર્ભર ભારતનો ઉદ્દેશ્ય ફક્ત દેશમાં તમામ માલનું ઉત્પાદન કરવાનો નથી પરંતુ અનિશ્ચિત વૈશ્વિક વેપાર નીતિઓનો આત્મસન્માન સાથે સામનો કરવાનો પણ છે.

# TEACHERS DAY

શિક્ષક દિવસ નિમિતે આજે નવી દિ લ્હીમાં રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુ એ 66 શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષકતરીકે સન્માનીત કર્યા. ત્યારે ખેડા જિલ્લાના વાવડી પ્રાથમિક શાળાના સહાયક શિક્ષક હિરેન શર્માને પણ રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરાયા. દરમિયાન કેન્દ્ર સાશિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ અને દિવની ભેંસલોર શાળાના શિક્ષિકા ભાવિની દેસાઈ એ પણ રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનીત થતાં પોતાની પ્રતિક્રિયા આપી

(Byte -ભાવિની દેસાઈ)

# PUNJAB FLOOD

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે, તેઓ પંજાબમાં પૂરથી થયેલા નુકસાનનો વિગતવાર અહેવાલ પ્રધાનમંત્રીને સુપરત કરશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે , આ ખૂબ મોટી આપદા છે , પરંતુ કેન્દ્ર સરકાર પંજાબ ની પડખે છે. પૂરગ્રસ્ત વિસ્તારોનો સર્વે કરવા માટે ગઈકાલે એક દિવસની પંજાબ મુલાકાતે આવેલા કૃષિ મંત્રીએ કહ્યું કે , પૂરગ્રસ્ત વિસ્તારોના પુનર્નિર્માણ માટે આયોજનબદ્ધ રીતે કામ કરવું પડશે.

(બાઇટ- કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ)

શ્રી ચૌહાણે કહ્યું કે , પાકને પૂરથી બચાવવા માટે બંધાયેલ બંધો ગેરકાયદેસર ખાણકામને કારણે નબળા પડી જતાં ગામડાઓમાં પાણી ઘૂસી ગયા. તેમણે કહ્યું કે , ફરીથી મજબૂત બંધો બનાવવા પડશે જેથી , ભવિષ્યમાં પંજાબને આવી દુર્ઘટનાઓથી બચાવી શકાય. શ્રી ચૌહાણે કેન્દ્ર તરફથી રાજ્યને સંપૂર્ણ સમર્થન આપવાની ખાતરી આપી.

# PREZ-FLOOD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશભરમાં કુદરતી આફતો દરમિયાન બચાવ અને રાહત કામગીરીમાં જોડાયેલ લોકોની ભાવનાની પ્રશંસા કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, આ વર્ષના ચોમાસા દરમિયાન કુદરતી આફતો વિશે સાંભળીને ખૂબ જ દુઃખ થયું. તેમણે કહ્યું કે પર્વતોમાં વાદળ ફાટવાથી અને મેદાની વિસ્તારોમાં પૂરને કારણે ભારે વિનાશ થયો છે. આના કારણે ઉત્તરાખંડ , હિમાચલ પ્રદેશ , જમ્મુ અને કાશ્મીર , પંજાબ, આસામ અને દેશના અન્ય ઘણા

ભાગોમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા છે. તેમણે કહ્યું કે આ કટોકટીમાં રાષ્ટ્ર આફતોથી પ્રભાવિત લોકોની સાથે ઉભું છે. તેમણે કહ્યું કે રાષ્ટ્ર આ પડકારને એક થઈને પાર કરશે.

## MANOHARLAL –ANGIKAAR

ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે પ્રધાનમંત્રી આવાસ યોજના - શહેરી ના બીજા તબક્કા હેઠળ અંગીકાર 2025 અભિયાન શરૂ કર્યું છે.

આ અભિયાન દરમિયાન , દેશભરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના - શહેરી યોજના વિશે વ્યાપક જાગૃતિ લાવીને તેના અમલીકરણને વેગ આપવામાં આવશે. આ સાથે, અરજીઓની ચકાસણીની પ્રક્રિયા પણ ઝડપી બનાવવામાં આવશે અને પહેલાથી જ મંજૂર થયેલા મકાનોનું બાંધકામ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. પ્રધાનમંત્રી આવાસ યોજના - શહેરી હેઠળ એક કરોડ 20 લાખ મકાનોને મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી 94 લાખથી વધુ પાકા મકાનો લાભાર્થીઓને આપવામાં આવી ચૂક્યા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે , અંગીકાર અભિયાન બાકીના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં મદદ કરશે.

## PUTIN-WESTERN TROOPS

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે , યુક્રેનમાં તૈનાત પશ્ચિમી સૈનિકો રશિયન હુમલાનું લક્ષ્ય બનશે. એક દિવસ પહેલા જ , ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને કહ્યું હતું કે, 26 દેશોએ યુદ્ધ પછી યુક્રેનને સુરક્ષા ગેરંટી આપવાનું વચન આપ્યું છે. આમાં ભૂમિ , નૌકાદળ અને હવાઈ દળનો સમાવેશ થાય છે. રશિયા લાંબા સમયથી કહી રહ્યું છે કે , યુક્રેનમાં યુદ્ધ કરવાનું તેનું એક કારણ યુક્રેનને નાટો સભ્ય

તરીકે સ્વીકારવાથી અને યુક્રેનમાં તેના સૈનિકો તૈનાત કરવાથી અટકાવવાનું હતું. યુક્રેન ભવિષ્યના કોઈપણ હુમલાથી પોતાને બચાવવા માટે પશ્ચિમી દેશોનો મજબૂત ટેકો ઇચ્છે છે. ફ્રાન્સ અને બ્રિટને સંકેત આપ્યો છે કે , તેઓ યુદ્ધ સમાપ્ત થયા પછી યુક્રેનમાં સૈનિકો તૈનાત કરવા માટે તૈયાર છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, અમેરિકા જમીન પર સૈનિકો તૈનાત કરશે નહીં , પરંતુ હવાઈ દળ પૂરું પાડી શકે છે. શ્રી પુતિને કહ્યું કે, રશિયા અને યુક્રેન બંને માટે સુરક્ષા ગેરંટી સુનિશ્ચિત કરવી જોઈએ.

## MEA - BRIEFING

મોરેશિયસના પ્રધાનમંત્રી નવીનચંદ્ર રામગુલામ 9 થી 16 સપ્ટેમ્બર સુધી ભારતની મુલાકાતે આવશે. નવી દિલ્હીમાં , વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે , મોરેશિયસના પ્રધાનમંત્રી તેમની મુલાકાત દરમિયાન દિલ્હી, મુંબઈ, વારાણસી, અયોધ્યા અને તિરુપતિની મુલાકાત લેશે.

ઓસ્ટ્રેલિયામાં ભારતીયો વિરુદ્ધ વિરોધ પ્રદર્શન અંગે , શ્રી જયસ્વાલે કહ્યું કે , 31 ઓગસ્ટના રોજ ઓસ્ટ્રેલિયાના અનેક શહેરોમાં સ્થળાંતર વિરોધી વિરોધ પ્રદર્શનો થયા હતા. ભારતીય દૂતાવાસ આ સંદર્ભમાં ઓસ્ટ્રેલિયન સરકાર અને સમુદાયના સભ્યો સાથે નિયમિત સંપર્કમાં છે. તેમણે કહ્યું કે , ઓસ્ટ્રેલિયન સરકાર અને વિપક્ષ બંનેના ઘણા વરિષ્ઠ નેતાઓ અને રાજકારણીઓએ ઓસ્ટ્રેલિયાની બહુસાંસ્કૃતિક ઓળખને સમર્થન આપતા નિવેદનો જારી કર્યા છે. ભારત સરકાર વિદેશમાં રહેતા તમામ ભારતીયોના કલ્યાણ અને સુખાકારીની ખાતરી કરવા માટે પ્રતિબદ્ધ છે. સરકાર ઓસ્ટ્રેલિયન સરકાર તેમજ ભારતીય સમુદાય સંગઠનો સાથે સંપર્કમાં છે.

## PUTIN-WESTERN TROOPS

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું છે કે , યુક્રેનમાં તૈનાત પશ્ચિમી સૈનિકો રશિયન હુમલાનું લક્ષ્ય બનશે. એક દિવસ પહેલા જ , ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને કહ્યું હતું કે, 26 દેશોએ યુદ્ધ પછી યુક્રેનને સુરક્ષા ગેરંટી આપવાનું વચન આપ્યું છે. આમાં ભૂમિ , નૌકાદળ અને હવાઈ દળનો સમાવેશ થાય છે. રશિયા લાંબા સમયથી કહી રહ્યું છે કે , યુક્રેનમાં યુદ્ધ કરવાનું તેનું એક કારણ યુક્રેનને નાટો સભ્ય તરીકે સ્વીકારવાથી અને યુક્રેનમાં તેના સૈનિકો તૈનાત કરવાથી અટકાવવાનું હતું. યુક્રેન ભવિષ્યના કોઈપણ હુમલાથી પોતાને બચાવવા માટે પશ્ચિમી દેશોનો મજબૂત ટેકો ઇચ્છે છે. ફ્રાન્સ અને બ્રિટને સંકેત આપ્યો છે કે , તેઓ યુદ્ધ સમાપ્ત થયા પછી યુક્રેનમાં સૈનિકો તૈનાત કરવા માટે તૈયાર છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, અમેરિકા જમીન પર સૈનિકો તૈનાત કરશે નહીં , પરંતુ હવાઈ દળ પૂરું પાડી શકે છે. શ્રી પુતિને કહ્યું કે, રશિયા અને યુક્રેન બંને માટે સુરક્ષા ગેરંટી સુનિશ્ચિત કરવી જોઈએ.

# AFGHAN MIGRANTS-PAKISTAN

પાકિસ્તાનમાં અફઘાન શરણાર્થીઓના પ્રતિનિધિઓએ જણાવ્યુ છે કે , પાકિસ્તાન સરકાર તેમને બળજબરીથી દેશમાંથી હાંકી કાઢી રહી છે. તેમણે કહ્યું કે, 31 ઓગસ્ટના રોજ સમયમર્યાદા પૂરી થયા પછી આ પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી છે. અફઘાન શરણાર્થીઓએ કહ્યું કે, તેઓ લગભગ 40 વર્ષથી પાકિસ્તાનમાં વ્યવસાય કરી રહ્યા છે અને આટલા ઓછા સમયમાં બધું પૂરું કરવું અશક્ય છે. તેમણે કહ્યું કે શરણાર્થીઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનોની અપીલ છતાં , પાકિસ્તાની અધિકારીઓ દ્વારા તેમને દેશનિકાલ કરવાનું કામ ચાલુ છે.

મીડિયા અહેવાલો અનુસાર , પાકિસ્તાન સરકારે અફઘાન શરણાર્થીઓના વિઝા સમયગાળાને લંબાવવાનો ઇનકાર કર્યો છે , જેના કારણે અફઘાન સ્થળાંતર કરનારાઓને ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## ASIA CUP –WOMEN

ભારતીય મહિલા હોકી ટીમે આજે મહિલા એશિયા કપ સ્પર્ધામાં થાઇલેન્ડને 11-0 થી હરાવીને પોતાના અભિયાનની શાનદાર શરૂઆત કરી. ભારત તરફથી ઉદિતા દુહાન અને બ્યુટી ડુંગ ડુંગે બે-બે ગોલ કર્યા. જ્યારે મુમતાઝ ખાન , સંગીતા કુમારી, નવનીત કૌર, લાલરેમસિયામી, થૌડમ સુમન દેવી, શર્મિલા દેવી અને રૂતાજા દાદાસો પિસાલે એક-એક ગોલ કર્યો.

ભારતનો આગામી મુકાબલો કાલે જાપાન સામે થશે.